દિવ્ય ભાસ્કર

**ઈન્સ્યોરન્સ ટ્રેન્ડ** | આરોગ્ય વીમો લેતી વખતે તમામ વિકલ્પોનું રિસર્ચ-એનાલિસિસ કરવું યોગ્ય

# આવનાર આપત્તિ સામે પોલિસી હોલ્ડરે બીમારીઓનાં તમામ પાસાને આવરી લેતી હેલ્થ પોલિસી લેવી જોઈએ

## ગંભીર બીમારીઓમાં વેઈટિંગ પિરિયડનું પરિબળ મહત્ત્વનું ફેક્ટર રહેશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

કોરોના વાયરસ જેવી ગંભીર બીમારીઓના વધતા જોખમોને ધ્યાનમાં લેતાં હોસ્પિટલાઈજેશન ખર્ચને પહોંચી વળવા હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવો આજે અત્યંત જરૂરી બન્યો છે. વધતી વયની સાથે આરોગ્ય સંબંધિત વધતી સમસ્યાઓનો સામનો અને નિવારણ માટે વ્યક્તિગત અને ફેમિલી માટે હેલ્થ ઈન્સ્યોરન્સ કવરેજ હોવુ જરૂરી છે. જો કે, ડાયાબિટિસ, અસ્થમા, બ્લડ પ્રેશર, કેન્સર, સ્લીપ એપનિયા સહિતની કાયમી અને પહેલાંથી જ ઉપલબ્ધ બીમારીઓ ધરાવતા ગ્રાહક માટે હેલ્થ ઈન્સ્યોરન્સની ખરીદી એક પડકારજનક છે. આ દર્દીઓએ વધારાના ચેકઅપની જરૂરિયાતને આવરી લેતી પોલિસી પસંદ કરવાની છે. ભવિષ્યમાં ઉદ્દભવતી અચાનક આવી પડતી ઓરોગ્ય સમસ્યાઓ ટાળવા માટે પોલિસીમાં ઉપલબ્ધ તમામ વિકલ્પો પર રિસર્ચ કર્યા બાદ ખરીદી કરવા રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સના સીઈઓ રાકેશ જૈન સલાહ અને સૂચનો આપી રહ્યા છે. અહીં રજૂ છે વાતચીતના મુખ્ય અંશ...

**ગંભીર બીમારીઓ ધરાવતા ગ્રાહકે પોલિસી લેતાં શું ધ્યાનમાં રાખવુ જોઈએ?**
ઈન્સ્યોરન્સ કંપની દ્વારા અગાઉથી ગંભીર બીમારીઓ ધરાવતા ગ્રાહકની પોલિસીમાં મંજૂર અને જોખમના મૂલ્યાંકનના આધારે કવરેજ આપવામાં આવે છે. પરંતુ પોલિસી પર લઘુત્તમ વેઈટિંગ પિરિયડ માન્ય હોય છે. જેથી પોલિસી હોલ્ડરને સાવચેતીપૂર્વક ઈન્સ્યોરન્સ કંપનીની પસંદગી કરવા સલાહ છે. ઓછો વેઈટિંગ પિરિયડ ધરાવતી પોલિસી પસંદ કરવી જોઈએ.

**વેઈટિંગ પીરિયડ કેવી રીતે અસર કરે છે?**
પોલિસીમાં ડોક્ટરની ફી અને દવાઓનો ખર્ચ આવરી લેવામાં આવે છે. ઉપલબ્ધ ગંભીર બીમારીઓમાં વેઈટિંગ પીરિયડનું પરિબળ અસર કરી રહ્યુ છે. વેઈટિંગ પિરિયડ દરમિયાન પોલિસી હોલ્ડર ઉપરોક્ત બીમારીમાં હોસ્પિટલાઈજેશન માટે કોઈ દાવો કરી શકશે નહીં.

**પોલિસીમાં કઈ બાબતોને આવરી લેવી જોઈએ?**
પોલિસી લેતી વખતે ઈન્સ્યોરન્સ કંપનીને હંમેશા પોતાની વર્તમાન અને ભૂતકાળની બીમારીઓ વિશે સંપૂર્ણ માહિતી આપવી જોઈએ. તેમજ પોલિસીના તમામ નિયમો, ધારા-ધોરણો ચોક્સાઈપૂર્વક વાંચી સમજી લેવા જોઈએ. જો કોઈ માહિતી છૂપાવવામાં આવે કે ગેરસમજ ઉભી થાય તો પોલિસી રદ થાય છે. તેના પ્રિમિયમની રકમ પણ પાછી મળતી નથી.

**હોસ્પિટલ ખર્ચને કેવી રીતે સામેલ કરવો જોઈએ?** : હાલની સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોએ પર્યાપ્ત આરોગ્ય કવચ સાથે પોતાને સુરક્ષિત કરી શકે છે. જો કે, સ્વાસ્થ્ય વીમા પોલિસી પસંદ કરતી વખતે તમારે હંમેશા તમે જ્યાં રહો છો તે શહેરમાં હોસ્પિટલમાં દાખલ થવાના સરેરાશ ખર્ચને ધ્યાનમાં લેવો જોઈએ.

**ઈન્સ્યોરન્સ કંપનીની પસંદગી કેવી રીતે કરવી?**
વિવિધ ઈન્સ્યોરન્સ કંપનીઓ દ્વારા ઓફર કરવામાં આવતી પ્રોડક્ટ્સની સરખામણી કરવી જોઈએ. અમુક કંપનીઓ પોલિસી હોલ્ડરના મેડિકલનો સમગ્ર ઈતિહાસને આવરી લે છે. જ્યારે અમુક કંપનીઓ વર્તમાન, ભૂતકાળની બીમારીઓને મૂલ્યાંકન કરી ઉંચા પ્રિમયમ પર નીચો વેઈટિંગ પીરિયડ પૂરો પાડે છે. જો ઉપલબ્ધ હોય, તો પુનઃસ્થાપન યોજના પસંદ કરવા સલાહ છે જે લેપ્સના કિસ્સામાં પડકારો વિના પોલિસી રિન્યુ કરવાની ખાતરી આપે છે.